





ડિફેન્સ એક્ષપો - ભારત સરકારના રક્ષામંત્રાલય દ્વારા આગામી સમયમાં ગાંધીનગર ખાતે યોજાનાર ડિફેન્સ એક્સ્પોની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સેક્ટર-૧૧ના રમકથા મેદાન ખાતે ડિફેન્સ એક્સ્પો યોજાવાનો હોઈ અહીં મસમોટા ટેન્ટ બાંધીને આસપાસ સાફસફાઈ કરીને તૈયારીઓ થઈ રહી છે. આ ડિફેન્સ એક્સ્પોને સફળ બનાવવા માટે ઉચ્ચકક્ષાએ બેઠકોનો દોર શરૂ થયો છે.

# માર્ચના બીજા સપ્તાહમાં ગરમીનો મિજાજ ઉગ્ર બનશે : પારો ૪૦ ડીગ્રીની પાર થશે

**માર્ચ મહીના દરમિયાન વાતાવરણ પલ્ટાની અસર પણ જોવા મળશે ગાંધીનગર અમદાવાદ વચ્ચે વાદળિયા વાતાવરણ વચ્ચે માવઠુ થવાની પણ સંભાવના : એપ્રિલમાં ફુંકાતા પવન ચોમાસાની પેટર્ન પર અસર કરશે : અંબાલાલ પટેલ**

ગાંધીનગર તા ૨૩

શિયાળાની ધીમે પગલે વિદાય સાથે વાતાવરણમાં ધીમે ધીમે ગરમીનુ પ્રભુત્વ વધી રહ્યુ છે. જયારે શિયાળાની આકરી ઠંડી બાદ હવે ઉનાળામાં પણ ગરમીનો પારો ઉગ્ર રહેશે. માર્ચ મહીનામાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીની પાર થઈ જશે. દેશના ઉત્તર પવર્તીય ભાગોમાં હીમવર્ષા અને કમોસમી વરસાદ સાથે કરા પડશે. જયારે ગાંધીનગર અમદાવાદ સહીત ગુજરાતના વિવિધ ભાગોમાં પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે. માર્ચના બીજા સપ્તાહમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૦ ડીગ્રીની પાર થઈ જશે. જયારે વાતાવરણ પલ્ટાના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા પણ વરસશે.

જાણીતા હવામન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ પશ્ચિમી વિક્ષેપની અસર તળે આવતીકાલથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષા તેમજ કમોસમી વરસાદ કરા પડવા કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હવામાનમાં પલ્ટો આવશે. પલ્ટાની અસર રાજસ્થાનના ભાગો સુધી રહેશે. અરબી સમુદ્રના ભેજવાળા પવનોની અસર પણ દરિયા કીનારાના ભાગો સુધી રહેવાની સંભાવના છે. જેના લીધે દરિયા કીનારાના ભાગોમાં સામાન્ય વાદળોની અસર પણ જોવા મળશે. પશ્ચિમી વિક્ષેપની અસર ઉપરાંત રાજસ્થાનના ભાગોમાં સખત પવન ફુંકાતા ધુળકટ પણ રહે. રાજયના ભાગોમાં પણ પવનની ગતિ રહેશે. તેમજ ધુળની ડમરીઓ ઉડે . જો કે વંટોળિયાની ગતિવિધિની હજુ સમય લાગશે. હવે ધીરે ધીરે ગરમીનુ પ્રમાણ વધશે. જયારે માર્ચની શરૂઆતમાં અકળાવનારી ગરમી પડવાની સંભાવાના છે. માર્ચના પ્રથમ સપ્તાહમાં વાદળવાયુ રહે. જયારે ગરમીનુ પ્રમાણ વધે ઉત્તર ગુજરાતના ભાગો મહેસાાણા, પાટણ, સમી હારીજ સિદ્ધપુર વગેરે ભાગોમાં ગરમીનુ પ્રમાણ રહે અને પવનનુ પણ જોર રહેશે. ભુજ ગાંધીધામનના ભાગો પણ ગરમી રહે. માર્ચના બીજા સપ્તાહમાં મહત્તમ ઉષ્ણતામાનનો પારો ૪૦ ડીગ્રી પાર થઈ જવાની સંભાવના છે. બેવડી ઋતુની અસર જનધન ઉપર પણ પડશે. વાદળવાયુ અને વિષમ હવામાનની અસર ઉભા કૃષિ પાકો પર થતા પાકસંરક્ષણના પગલા લેવા અનિવાર્ય છે. વધતી ગરમીના લીધે કૃષિ પાકોમાં પિયતની જરૂર પડે પવનની અસર કૃષિ પાકો તેમજ રોપાણ કરેલા બાગાયતી પાકો પર પણ થતી હોય છે. તા ૨૮ ફેબ્રુઆરીથી માર્ચની શરૂઆત સુધીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હીમવર્ષા કમોસમી વરસાદની સંભાવના રહેશે. માર્ચના બીજા સપ્તાહમાં મધ્ય ગુજરાત અમદાવાદ ગાંધીનગરમાં પણ સખત ગરમી પડશે. ગરમીનો પારો ૪૦ ડીગ્રી પાર થઈ જશે. ગુજરાતના હવામાન ઉપર પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે. તા ૭ માર્ચ સુધી ગાંધીનગર અમદાવાદમાં પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે. તા ૮ થી ૧૨ વાદળવાયુ તા ૧૪ માર્ચથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષના શરૂ થશે. માર્ચ મહીનામાં હવામાનમાં ભારે પલ્ટો જોવા મળશે. વાદળવાયુ કમોસમી વરસાદની અસર ગુજરાતના ભાગો પર પણ થશે. પશ્ચિમ સૌરાષ્ટ્ર રાજયના દક્ષિણ સાગરાકાંઠા સુરત વલસાડના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ઠંડી અદ્રશ્ય : લઘુત્તમ તાપમાન ૧૮.૨ ડીગ્રીએ પહોંચી ગયુ

**ગરમીનો પારો છેલ્લા બે દિવસથી ૩૩ ડીગ્રીએ : એક જ દિવસમાં ઠંડી ૫ ડીગ્રી ઘટી : આકરી ઠંડી બાદ હવે અંગ દઝાડતી ગરમી સહન કરવા માટે નગરજનોએ તૈયાર રહેવુ પડશે**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં શિયાળાની ઠંડીના દિવસો હવે વિદાય લઈ રહ્યા છે. આકરી ઠંડી બાદ હવે આક્રમક ગરમીની મોસમ શરૂ થઈ રહી છે. આજે લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રીના તફાવત સાથે ૧૮.૨ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ જેના લીધે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. દિવસ દરમિયાન નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. આગામી દિવસોમાં ગરમીનો મિજજ વધુ ઉગ્ર બનશે હાલ વાતાવરણમાં અંશત : બેવડી ઋતુની અસર વર્તાઈ રહી છે.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૩૩ ડીગ્રીની આસપાસ જોવા મળે છે. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ સતત ફેરફાર રહેતા હવે ઠંડીની મોસમની ધીમા પગલે વિદાય સાથે વાતાવરણમાં ગરમીનુ જોર વધી રહ્યુ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૩. ૩ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે વહેલી સવારે અને રાત્રિના સમયે ગુલાબી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ જયારે આજે અચાનક જ લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી ઉપર આવ્યુ છે. અલબત્ત ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. લઘુત્તમ તાપમાન ૧૮. ૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જયારે ગરમીનો પારો ગઈકાલની જેમ ૩૩ ડીગ્રીએ સ્થિર રહ્યો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. છેલ્લા ત્રણ દિવસમાં ઠંડીનો પારો તળિયે આવી ગયો છે. ત્રણ દિવસ અગાઉ ઠંડીનો પારો ૧૧ .૮ ડીગ્રીએ હતો. ત્યારબાદ ધીમે ધીમે ઠંડીનુ પ્રમાણ ઘટતા વાતાવરણમાં હવે રીતસર ગરમીનુ જોર વધી રહ્યુ છે. દિવસ દરમિયાન પંખા અને એ સી ઓન કરવાની ફરજ પડે છે. શિયાળાની મોસમ દરમિયન આ વર્ષે છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. જેના લીધે નગરજનો આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. આકરી ઠંડીના લીધે શહેરીજનો ઠંડીના દિવસોમાં ઘરમાં જ કેદ રહ્યા હતા. હાડથીજાવતી ઠંડીથી નગરજનો તોબા પોકારી ગયા હતા. સિનિયર સિટીઝન્સ ઠંડીની મોસમ જલ્દીથી પુરી થઈ જાય તેની વાટે હતા. ત્યારે હવે ધીમે ધીમે ગરમી પણ આકરી બનતી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર



ડાળે ડાળે પગલાં વસંતના...ગાંધીનગરમાં આજકાલ જ્યાં નજર કરો ત્યાં ખીલેલા પુષ્પો જોઈ આ પંક્તિ અનાયાસે જ હોઠો પર આવી જાય છે. બોગનવેલના રંગો તો એટલા નીખર્યા છે કે આ હા બોલી જવાય. શહેરમાં ક્યાંક કેસુડાના વૃક્ષો પણ છે. આ કેસુડા પર ફૂલો આવ્યા છે. ઘેરા કેસરી રંગના ફૂલોએ આખા વૃક્ષો પર જાણે કબ્જો જમાવી દીધો છે. મનને મોહી લેતા આ કેસરીયા ફૂલો ગજબનું આકર્ષણ જમાવી રહ્યા છે.

# ફેબ્રુઆરી અંતથી માર્ચ મધ્ય સુધી મહાભીષણ યુધ્ધના ભણકારા ભારત વિનાશમાંથી બાકાત રહેશે

**ગ્રહોની પરિસ્થિતિ જોતા માનવજાતે ધર્મના મુળસ્તંભ દયા, કરુણા અને ક્ષમાને જીવંત રાખવા પડશે : ગુરુ મહારાજ અસ્તના અગ્નિ તત્વના કારક મંગળ અને વાયુ તત્વના કારક શનિ બન્ને પૃથ્વી તત્વની મકર રાશિમાં યુતિ કરે છે, ગુરુ અને સુર્ય-શનિદેવની વાયુતત્વની કુંભરાશિમાં સ્થિત છે જેથી આગામી ૨૭ ફેબ્રુઆરીથી ૨૨ માર્ચ ૨૦૨૨ સુધી યુધ્ધ, અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ અને આકાશ આ પાંચેય તત્વોને અસર થાય તેવી સંભાવના નકારી શકાય નહીં : જાણીતા જયોતિષાચાર્ય પી. સી. પટેલ**

ગાંધીનગર તા ૨૩

દયા ધર્મ કા મુળ હૈ..પાપ મુળ અભિમાન.. તુલસી દયા ન છોડીએ..જબ લગ ઘટ મેં પ્રાણ... વિશ્વની માનવજાતે પણ આ પંકિતને આત્મસાત કરવી પડે તેવી સ્થિતિ ગ્રહદશાની દ્રષ્ટિએ સ્પષ્ટ થઈ રહી છે. ગાંધીનગરના જાણીતા જયોતિષાચાર્ય પરેશ સી પટેલના જણાંવ્યા મુજબ આગામી તા ૨૭ ફેબ્રુઆરી થી ૨૨ માર્ચ ૨૦૨૨ દરમિયાન ગ્રહદશા કપરી છે. યુધ્ધ , અગ્નિ, પૃથ્વી,વાયુ જળ, અને આકાશ આ પાંચેય તત્વોને અસરકર્તા થાય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. સમગ્ર વિશ્વના ભૌગોલિક અને ખગોળિક પરિસ્થિતિનુ અવલોકન કરતા ચીન , અમેરિકા, રશિયા અને કંઈક અંશે જાપાન તથા યુરોપના દેશોમાં યુદ્ધ ઉત્પાત્ની વિશેષ સંભાવના વર્તાઈ રહી છે. જો કે ભારત આ વિનાશમાંથી બાકાત રહે તેવી પણ પરિસ્થિતિ જણાંય છે.

જયોતિષશાસ્ત્ર અતિપારિમાણિક સંભાવનાઓનો સમન્વય હોવાથી જયોતિષશાસ્ત્ર સંપુર્ણ સત્ય હોવાછતા જયોતિષનુ સંપુર્ણ સત્ય હોવુ તે જરૂરી નથી.



પરંતુ સત્ય તારણ માટે મારા પ્રયત્નો અને અનુભવ હાલની વર્તમાન ગ્રહ પરિસ્થિતિ અને સંભવિત ઘટનાઓની સંભાવના છે.ગાંધીનગરમાં રહેતા પરેશ પટેલ બી ઈ સિવિલ અને એલ એલ બીનુ શિક્ષણ મેળવ્યુ છે. જયોતિષશાસ્ત્રમાં પણ તેમનો વિશેષ અભ્યાસ છે. આ મામલે ગાંધીનગરના જાણીતા જયોતિષાચાર્ય અને નિવૃત સરકારી અધિકારી પરેશ સી પટેલે જણાંવ્યુ હતુ કે તાજેતરમાં શકસંવત અનુસાર વર્ષના રાજા શનિદેવ છે. છત્રેશ તે પણ સ્વયં શનિદેવ છે. અને નિરશેષ તે પણ શનિદેવ છે. જેથી વર્ષ દરમિયાન યુધ્ધ થાય તા ૨૬ ફેબ્રુઆરી થી તા ૭ એપ્રિલ ૨૦૨૨ સુધી યુધ્ધના કારક મંગળ મહારાજ પોતાની ઉચ્ચ રાશિમાં પરિભ્રમણ શરૂ કરશે. જયાં શનિદેવ મકર રાશિમાં શનિદેવ પોતાનુ પરિભ્રમણ કરી રહ્યા છે. તા ૨૧ ફેબ્રુઆરી થી તા ૨૨ માર્ચ ૨૦૨૨ સુધી ગુરુ મહારાજ અસ્તના છે. આ સમગ્ર પરિસ્થિતિ જોતા ઉચ્ચના મંગળનો પ્રવેશ મંગળ મહારાજને તિવ્ર પરિણામ આપવાવાળા બનાવે. જયારે મકર રાશિમાંથી નિષ્કાલત થતા શનિદેવ મહાબલી બની રહ્યા છે. અને આજ સમયે સ્થિરતા અને સલામતીના કારક સમગ્ર વિશ્વમાં બુધ્ધિ સંપદા પ્રદાન કરનાર ગુરુ સ્વયં અસ્તના છે. મંગળ અગ્નિ તત્વના ગ્રહ છે. શનિ વાયુ તત્વના

● અનુસંધાન પાન-૭ પર

## રાજકીય તણાવની સ્થિતિ ઉદભવશે

વિવિધ રાજયોની ચુંટણીના પરિણામો પણ આગામી માર્ચ મહીનાના બીજા સપ્તાહમાં જાહેર થવાના છે. શનિ મંગળની યુતિ તેમજ ગુરુ મહારાજના અસ્ત થવાના સમયે ચુંટણી પરિણામો જાહેર થશે. જયારે આ ચુંટણી પરિણામો પ્રવર્તમાન સંબંધિત રાજયોની સરકાર માટે વિધ્વંશકારી અને તણાવપુર્ણ રાજકીય પરિસ્થિતિ ઉભી કરનારા પુરવાર થાય તેવી પણ પ્રબળ સંભાવના છે. તેમ પણ જાણીતા જયોતિષાચાર્ય પરેશ સી પટેલે જણાંવ્યુ છે.

## એપ્રિલના અંત બાદ કોરોના નાબુદ થવાની સંભાવના

કોરોનાના ઉદભવ ગુરુ રાહુ , શનિ રાહુ, સુર્ય રાહુ અને પાંચગ્રહોની યુતિ થતા થયો હતો. હવે સુર્ય અને ગુરુની યુતિ થવાની સાથે તા ૧૭ ફેબ્રુઆરીથી શનિનો ધનિષ્ઠા નક્ષત્રમાં પ્રવેશ થયો છે. તા ૧૨ એપ્રિલ વર્ષ ૨૦૨૨ રાહુ તથા તા ૧૩ એપ્રિલ ગુરુ મહારાજ અને ૨૯ એપ્રિલ શનિનુ રાશિ પરિવર્તન થશે. જેથી એપ્રિલ અંત બાદ કોરોના મહદઅંશે નાબુદ થવાની સંભાવના છે. તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

## શેરબજારમાં ભારે અનિશ્ચિત્તતા જોવા મળશે

ગ્રહ પરિસ્થિતિની આ અસર દેશ દુનિયા પર વર્તાશે જયારે યુદ્ધ સહીત વિવિધ રાજયોની ચુંટણી પરિણામો પર પણ તેની અસર વર્તાશે આ ઉપરાંત તેમણે જણાંવ્યુ હતુ કે આ સમયગાળા દરમિયાન શેરબજારમાં પણ ભારે ચઢ ઉતર જોવા મળશે. તા ૨૬ ફેબ્રુઆરી થી ૨૯ એપ્રિલ સુધી શેરબજારમાં પણ અપ ડાઉન જોવા મળશે. અલબત્ત સ્ટોક માર્કેટમાં અનિશ્ચિતતા પ્રવર્તે તેવી પણ પ્રબળ સંભાવના છે.

# જિલ્લા પંચાયતના નવા મકાન માટે બજેટ સત્રમાં જાહેરાતના સંકેતો

**જગ્યા ફાળવણીને લઈ વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે ખેંચતાણના વિવાદથી પરિચિત સરકાર શું નિર્ણય લેશે તેના પર સૌની નજર**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવીન મકાન માટે આગામી બજેટ સત્રમાં રાજય સરકાર દ્વારા જાહેરાત થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

જો કે નવીન મકાન માટે જમીન ફાળવણીને લઈ વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે વિવાદ જાણીતો છે. વહીવટીય પાંખ ગાંધીનગર શહેર બહાર જમીનની માંગ કરી રહેલ છે જયારે ચૂંટાયેલી પાંખ ચારેય તાલુકાના લોકોની સરળતા ખાતર કલેક્ટર ઓફિસ નજીક અથવા તો ઈન્દિરા ગાંધી તાલીમ ભવન નજીક જગ્યા ફાળવવા માટે રજુઆતો કરી રહેલ છે.

ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખની આ લડાઈ વચ્ચે રાજય સરકાર બજેટમાં જોગવાઈ કરી અને ક્યાં જગ્યા ફાળવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

અગાઉ હેલિપેડને કારણે મકાનની ઊંચાઈ વધારવાની મંજૂરી અપાઈ ન હતી પરંતુ હવે મનપાની નવી કચેરી બહુમાળી થઈ હોવાથી હાલના જૂના મકાનને તોડી બહુમાળી ઈમારત બનાવવાની મંજૂરી આપવામાં આવી શકે છે તેમ સચિવાલયના સૂત્રો કહી રહ્યા છે.

પાર્કિંગની સમસ્યા માટે અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ બનાવવાના વિકલ્પ અપાશે તેમ પણ આ સૂત્રોનું કહેવુ છે અને છ માળની બિલ્ડીંગ બનાવવાની મંજૂરી અપાશે તેમ મનાઈ રહ્યુ છે.

મનપાનું નવુ બિલ્ડીંગ બનાવવા માટે સરકાર સહાય પણ આપશે. જિલ્લાનું કદ નાનું થતાં તેની સ્વભંડોળની આવક ઘટી છે અને અદ્યતન સુવિધાઓ સાથે મકાન બનાવવાનું હોવાથી સરકાર સહાય આપશે તેમ પણ સચિવાલયના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતને નવુ બિલ્ડીંગ બને ત્યાં સુધી કલેક્ટર કચેરી નજીકના સેવા સદનમાં જગ્યા ફાળવવામાં આવશે. જો કે ગાંધીનગર તાલુકા પંચાયતે પણ તેને વધુ જગ્યા ફાળવવામાં આવે તેવી માંગણી કલેક્ટર કચેરી પાસે કરી દીધી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું નવુ મકાન ઝડપથી નિર્માણ પામે તે માટે અને ભાજપને યશ મળે તેને લઈ સંગઠ્ઠન દ્વારા પણ સરકારમાં સરકાર અને સંગઠ્ઠનની આંતરિક બેઠકો દરમ્યાન વાત રજુ કરાઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતના નવા મકાન માટે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીને આ મુદ્દે કલેક્ટર ડી.ડી.ઓ. અને માર્ગ-મકાન વિભાગની સંયુક્ત બેઠક કરી હતી પરંતુ આ પછી વહીવટીય પાંખે ૧૫ હજાર ચો.મી. જગ્યાની માંગણી કરી હતી જેમાં પાંચ હજાર

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્ય સરકાર રમત-ગમતના પ્રોત્સાહન માટે અલાયદી સ્પોર્ટસ પોલીસી બનાવશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં રમત-ગમતને પ્રોત્સાહન મળે અને સારા ખેલાડીઓ પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર તેની અલાયદી સ્પોર્ટસ પોલીસી બનાવશે.

રાજ્ય સરકાર દ્વારા આ અંગે રમતવીરો પાસેથી સૂચનો માંગવામાં આવ્યા છે. સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ નવી સ્પોર્ટસ પોલીસી અંગે વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમ્યાન જાહેરાત થઈ શકે છે.

ગુજરાતના ખેલાડીઓને પ્રોત્સાહન તેમજ તેમને નોકરી માટે ઈન્ટરવ્યુમાં અગ્રતા ઉપરાંત ખાસ સ્પોર્ટસ સંકુલો પણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉપલબ્ધ થાય તે માટે નવી પોલીસીમાં ધ્યાનમાં રાખવામાં આવશે.

નવી સ્પોર્ટસ પોલીસી અંગે જે સૂચનો માંગવામાં આવ્યા છે તેને સારો પ્રતિસાદ પણ મળી રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન સરકાર જે શાળાઓ પાસે રમત-ગમતના મેદાનો નથી તે શાળાઓની ગ્રાન્ટમાં કાપ મુકી ગ્રામ્ય વિસ્તારમાં નવા બનાવવામાં આવનાર ગ્રામ્ય સંકુલોનો ઉપયોગ કરવા જણાવાશે અને તે માટે જાળવણી-નિભાવણી અને મરામતની જવાબદારી આ શૈક્ષણિક સંસ્થાઓને સોંપવા બાબતે પણ વિચારણા કરશે તેમ જાણવા મળેલ છે.

રાજ્ય સરકારે તેની સ્પોર્ટસ પોલીસી માટેની કવાયત વેગીલી બનાવી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com